

## એ સ્ત્રી કોણ હતી, ખબર છે ?

— ડૉ.આઈ.કે. વીજળીવાળા

શિયાળાનો સમય હતો. ન્યૂયૉર્કની સડકો બરફથી છવાઈ ગઈ હતી. એ વખતે નવેક વરસની ઉંમરનો એક છોકરો ટાઢથી ઠૂંઠવાતો એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના શોકેસના બહારના કાચની આરપાર તાકી તાકીને કંઈક જોઈ રહ્યો હતો. આવી કાતિલ ઠંડીમાં એણે શરીર પર થોડાંક ચીંથરાં વીંટાળ્યાં હતાં. એના પગ ખુલ્લા હતા. ઠરી જતા આંગળાંઓને રાહત આપવા માટે વારંવાર એ એક પછી એક પગ ઊંચો લઈ લેતો હતો. એના હોઠ સાવ ફાટી ગયા હતા. એના પર પડેલા ચીરાઓમાંથી નીકળેલું લોહી પણ જામી ગયું હતું. એ ખૂબ જ ભૂખ્યો હશે એવું તો એના દેખાવ પરથી કોઈ પણ કહી શકે તેમ હતું. ડિપાર્ટમેન્ટલ સ્ટોરના સંપૂર્ણ પારદર્શક કાચમાંથી નજરે પડતાં બૂટ, ગરમ કપડાં, બ્રેડ વગેરે ચીજોને જોતાં જોતાં એ જાણે કે ક્યાંક ખોવાઈ જ ગયો હતો.

'બેટા ! આટલી ઠંડીમાં ક્યારનો તું એ કાચની આરપાર શું જોઈ રહ્યો છે ?' શ્રીમંત દેખાતી એક સ્ત્રીએ એના ખભા પર હાથ મૂકીને કહ્યું. પેલો છોકરો ચમકી ગયો. પછી હળવેથી બોલ્યો, 'મેમ, હું ભગવાનને પ્રાર્થના કરતો હતો કે મને પેલા બૂટ અપાવે. મારા પગ હવે ઠંડી સહન નથી કરી શકતા ને એટલે એ જલદીથી મોકલાવે એવું હું એમને કહેતો હતો !' એકદમ બાળસહજ નિખાલસતાથી એ છોકરાએ જવાબ આપ્યો.

પેલી પૈસાદાર દેખાતી સ્ત્રી થોડીક ક્ષણો વિચારમાં પડી ગઈ. એ પેલા છોકરા સામે જોઈ રહી. પછી એનો હાથ પકડીને એ એને સ્ટોરની અંદર લઈ ગઈ. કાઉન્ટર પર બેઠેલા માણસને એણે આ છોકરાના માપના સારામાં સારા બૂટ અને મોજા કાઢવાનું કહ્યું. પછી કપડાંના કાઉન્ટર પર જઈ એના માપનાં કપડાં અને ગરમ કોટ કઢાવ્યાં. આ દરમિયાન એણે નોકરને બાથરૂમમાં ગરમ પાણી તૈયાર રાખવાનું કહી દીધું હતું. એણે એ

બાળકના હાથ–પગ ગરમ પાણીથી ધોવડાવી એને નવાં ગરમ કપડાં પહેરાવ્યાં. પછી સ્ટોરની કેન્ટીનમાં સેન્ડવિચ અને ગરમ ચોકલેટનો નાસ્તો કરાવ્યો. ત્યારબાદ કાઉન્ટર પરના માણસને આ છોકરાના બૂટ બરાબર બાંધી આપવાનું કહી એ પેલા છોકરાને બાય–બાય કરીને બહાર જવા માટે બારણા તરફ આગળ વધી.

'અલ્યા છોકરા ! તું ઓળખે છે એ સ્ત્રીને ? એ સ્ત્રી કોણ હતી તને ખબર છે ?' બૂટની વાધરી બાંધતાં બાંધતાં કાઉન્ટર પરના માણસે એ છોકરાને પ્રશ્ન કર્યો.

એ બાળકે માથું હલાવીને હા પાડી.

પોતાની અને આ સ્ટોરની માલકણને આ શેરીમાં રખડતો છોકરો ક્યાંથી ઓળખે એ વાત હજુ પેલા કાઉન્ટર પરના માણસના મગજમાં ફિટ નહોતી બેસતી. છતાં ખાતરી કરવા માટે એણે પૂછયું, 'કોણ હતી એ કહે તો ?'

'એ ભગવાનનાં પત્ની હતાં !' આંખમાં છલકાઈ આવેલાં આંસુઓ સાથે એ બાળકે જવાબ આપ્યો, 'એ તો મેં પ્રાર્થના કરી હતીને એટલે બૂટ આપવા આવ્યાં હતાં !'.

**'મનનો માળો'માંથી સાભાર**

■